ડાયરેક્ટ ❤ સે

શક્ય હોય તો
જીવનમાં
બે કામ
ક્યારેય ન કરશો
ખોટા માણસને પ્રેમ
અને
સાચા માણસ સાથે ગેમ

જન્મદિને વધામણી

કૌશિક જયદેવભાઈ ભટ્ટ
જિલ્લા રોગી કલ્યાણ સમિતિ
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા
ગાંધીનગર જિલ્લા રેડક્રોસ

ઉષા ટાંક
લાયોનેસ ક્લબ

કલ્પ અજય પાર્કર

નક્ષરાજસિંહ
પ્રભાતસિંહ ઠાકોર
મો. ૭૭૭૮૯ ૯૩૬૯૮

અમદાવાદ યૂથ ટેનિસ એન્ડ બેડમિંટન અકાદમી દ્વારા અમદાવાદ બોપલ ખાતે બેડમિંટન ફેસ્ટિવલ ૨૦૧૭ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૭-ઈ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ફ્લોરા એંજિનિયરે અન્ડર-૧૨ સિંગલ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવાર તરફથી ફ્લોરાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય સંચાલિત અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ માટે શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલયની પ્રાથમિક શાળાઓમાં શિક્ષક પ્રવર્તમાન પ્રવાહોથી વાકેફ થાય તે હેતુથી તા-૧૮-૧૧-૨૦૧૭ને શનિવારના રોજ સર્વ વિધ્યાલય કેળવણી મંડળ,કડી મુકામે શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં એસ.જી.અને એસ. ડી. પ્રાથમિક શાળા (કડી) તેમજ ભાવકુંજ શાળાના શિક્ષકોને ટ્રેનર દિપક તેરૈયાએ **'towrods instruct to inspire'** વિષય પર તાલીમ આપી હતી. જે શિક્ષકો માટે લાભદાયી રહી હતી. શિક્ષકોએ આ તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮ ખાતે બંધારણ દિનની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૯

આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા), સેક્ટર-૮, ગાંધીનગર ખાતે તાજેતરમાં બંધારણ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણી અંતર્ગત શાળાની વિદ્યાર્થીની મમત વાણિયાએ બંધારણના ઘડતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ફાળો, આમુખ અને સિમિતિના સભ્યો વિશે વાત કરી હતી. ગુંજન લેઉઆ દ્વારા બંધારણ અંગે માહિતી આપવામાં આવી હતી.

અમિષા સાધુએ બંધારણનો અર્થ અને વિશિષ્ટ હેતુ સમજાવ્યાં હતં. સોનલ જાદવ, નિકિતા પરમાર, નમ્રતા દુલેરા, નિરમા મકવાણા, જિજ્ઞાસા પરમાર દ્વારા પણ બંધારણ અંગે પોતાના વિચારો અભિવ્યક્ત કરવામાં આવ્યા હતા.

મદદનીશ શિક્ષક અમિતાબેન પરમારે બંધારણના આમુખ, સભ્યો, બંધારણનો અર્થ તથા બંધારણના ઘડતરમાં બાબાસાહેબનો અમૂલ્ય ફાળો, તેની રચના વિશે વિદ્યર્થીઓને વિગતે માહિતગાર કર્યા હતા.

કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાર્થીનીઓને બંધરણના આમુખમાં આપેલી પ્રતિજ્ઞાનું વાચન પણ કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની મિતલ દ્વરા કરવામાં આવ્યું હતું.

અંગોનું દાન કરનારા ૨૫ પરિવારોનું કિડની હોસ્પિટલે જાહેર સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૨૯

સ્વજનના અમુલ્ય અંગો બાળી દેવા અથવા દાટી દેવા કરતા અન્ય કોઈ જરૂરિયાતમંદ દર્દીને દાન કરવામાં આવે તેનાથી મોટું પુણ્ય કાર્ય કોઈ હોઈ જ ન શકે. એવા ઉદ્દેશ સાથે રાજ્યના જુદાજુદા જિલ્લાઓમાં રહેતા ૨૫ પરિવારોએ પોતાના વ્હાલસોયા સ્વજનના અંગોનું દાન કરી માણસાઈનો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આવા પરિવારોનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ સ્થિત કિડની ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. ભારતમાં લોકો કિડની રોગ વિશે સમજતા નહોંતા ત્યારે ડૉ. એચ.એલ.ત્રિવેદીએ અમદાવાદમાં કિડની ઈન્સ્ટિટ્યૂટ સ્થાપી હતી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનું શરૂ કર્યું હતું. આવા કિડની રોગ નિવારણના ભીષ્મ પિતા ડૉ. ત્રિવેદીની હાજરીમાં સોમવારે સન્માન કરાયું હતું. આ પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટના નાયબ નિયામક ડૉ. વીણાબેન શાહે કહ્યું કે, દેશમાં આશરે એક લાખથી વધુ કિડની પ્રત્યારોપણ તથા ૨૫ હજારથી વધુ લિવર પ્રત્યારોપણની જરૂર છે તેની સામે ફક્ત ૭૫૦૦ કિડની અને ૧૫૦૦ લિવર પ્રત્યારોપણ થઈ રહ્યા છે.એક અંદાજ મુજબ ભારતમાં દર વર્ષે ૧.૫ લાખ વ્યક્તિ રોડ અકસ્માતથી બ્રેઈનડેડ થાય છે. એવા સમયે પરિવારના વ્યક્તિ સમયસર તેમના અંગો દાન કરવાનો નિર્ણય કરે તો અનેક દર્દીને અગોના પ્રત્યારોપણથી નવું જીવન મળી શકે. એક બ્રેઈનડેડ વ્યક્તિમાંથી બે કિડની,બે ફેફસા, બે આંખ, લિવર, હૃદય, પેન્ક્રિયાઝ, હાડકાં, બોનમેરો મળી શકે છે.

પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ વિજેતા ડૉ. એચ.એલ.ત્રિવેદીએ આ પ્રસંગે લોકેને અંગદાન માટે અપીલ કરી હતી. રોડ અકસ્માતના કારણે ગુજરાતમાં સંખ્યાબંધ લોકો બ્રેઈનડેડ થતા હોય છે જેમાં કોઈ સુધારાનો અવકાશ હોતો નથી. તેમના પરિવારોને અંગદાનનું મહત્વ સમજાવવું જોઈએ. સુરતમાં રહેતી ત્રણ વર્ષની દીકરીના મગજમાં પાણી ભરાઈ જતા બ્રેઈનડેડ થયું હતું તો પરિવારે વ્હાલસોઈ દીકરીના અમુલ્ય અંગોનું દાન કરવા નિર્ણય કર્યો હતો. આ નિર્ણયે અન્ય ત્રણ બાળકોને જીવનદાન આપ્યું હતું.

રાજ્યમાં કૉમન ઍન્ટ્રન્સ ટેસ્ટ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૨૯

દેશની ૨૦ જેટલી આઈઆઈએમ અને બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટે રવિવારે લેવાયેલી કેટ- કોમન એડમીશન ટેસ્ટમાં સમગ્ર દેશમાંથી અંદાજે ૨ લાખ ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું, જે પૈકી અંદાજે દોઢ લાખ જેટલા વિદ્યાર્થીઓ કેટની પરીક્ષા આપી હતી. કુલ ત્રણ વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જે પૈકી બીજા સેશનમાં વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી નડી હતી. સરેરાશ ગતવર્ષની સરખામણીમાં પેપર મધ્યમ રહ્યુ હતુ. ગુજરાત બહારના કેટલાક રાજ્યોમાં પરીક્ષામાં મુશ્કેલી નડતા બીજી વખત પરીક્ષા લેવી પડે તેવી સ્થિતિ ઉભી થઇ હતી.

બી.એ., એમ.એ., પી.જી. ડિપ્લોમા કે પીએચ.ડી.ની ડિગ્રી સ્વામિનારાયણ વૈદિક અધ્યયન દ્વારા પ્રાપ્ત કરી શકાશે

બે લાખ હરિભક્તોની નિશ્રામાં પ્રમુખસ્વામીનો જન્મોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૯

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સૌને રાજી કર્યા છે. તેઓ હંમેશા આપણને અનુકૂળ થયા છે. આપણે તેમની જેમ અનુકૂળ થઈને સંપ, સુહૃદભાવ, એકતા રાખીને સત્સંગ કરવાનો છે, એમ **BAPS** સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા, પૂ.મહંત સ્વામી મહારાજે સોમવારે 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૭મા જન્મજયંતી મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે આણંદ ખાતે જણાવ્યું હતું. આ પ્રસંગે બે લાખ હરિભક્તો અને ભાવિકોએ ભાગ લીધો હતો અને સમૂહ આરતી પણ કરી હતી.

આ મહોત્સવ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પધારેલા **UAE**ના અગ્રણી બિઝનેસમેન સિરીયાના એક સમયના પ્રાઈમ મિનિસ્ટર અને પૂર્વ પ્રમુખના પૌત્ર નઝીમ અલ કુદ્સીએ પોતાની યુવાન અવસ્થામાં પ્રમુખસ્વામી મહારાજે કરેલા આમૂલ પરિવર્તનનો સ્વાનુભાવ ગદ્‌ગદ હૈયે વ્યક્ત કર્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મોત્સવ નિમિત્તે પૂ.મહંત સ્વામી મહારાજે સવારે આણંદના **BAPS** સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું ગુરુપૂજન કરી ગુરુભક્તિ અદા કરી હતી.

'ગુરુજી નહીં ભૂલું તમને'ના મુખ્ય વિચાર સાથે જન્મજયંતી મુખ્ય ઉત્સવના કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, પૂજ્ય કોઠારી સ્વામી (ભક્તિપ્રિય સ્વામી), પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી, પૂજ્ય ડોકટર સ્વામીએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સ્વાનુભવો, પ્રેરક પ્રસંગો દ્વારા રજૂ કરીને સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો હતો.

BAPS સંસ્થા લોકોને નૈતિક માર્ગે દોરી જવા વર્ષોથી સત્સંગ શિક્ષણ પરીક્ષાનું આયોજન કરે છે. જનસમાજને લાભ મળે તે હેતુથી આ પ્રવૃત્તિને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય-ઈગ્નુ યુનિવર્સિટી સાથે જોડવામાં આવી છે. જેમાં, પરીક્ષાર્થી તેનો અભ્યાસ કરી બી.એ., એમ.એ., પી.જી. ડિપ્લોમા કે પીએચ.ડી.ની ડિગ્રી સ્વામિનારાયણ વૈદિક અધ્યયન દ્વારા પ્રાપ્ત કરી શકશે.

અમદાવાદમાં ૧ ડિસેમ્બરથી ત્રિદિવસીય 'સમ્યક્ દર્શન' અધ્યયન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં તા.૧, ૨ અને ૩ ડિસેમ્બર દરમિયાન 'સમ્યક્ દર્શન' અધ્યયન શિબિર શ્રુતરત્નાકર અને સત્યવિજ્ઞાન ફાઉન્ડેશનનાં સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના ઓડિટોરિયમ હોલ, નવરંગપુરા ખાતે સવારે ૧૦થી સાંજે ૪.૩૦ દરમિયાન યોજાશે. આ શિબિરનાં પ્રારંભે જીતો અમદાવાદ ચેપ્ટરના વાઈસ પ્રેસિડેન્ટ, જાણીતા ઉદ્યોગપતિ કુશલભાઈ ભણશાલી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. જાણીતા વિદ્વાન જિતેન્દ્રભાઈ શાહે જણાવ્યું કે 'સમ્યક્ દર્શન' એટલે સાચી શ્રદ્ધા. સાચી શ્રદ્ધા જીવનમાં અત્યંત ઉપયોગી અભિગમ છે. અશ્રદ્ધામાં ભેદ ન કરી શકવાને કારણે માનવવિકાસ રુંધાઈ જાય છે અને કોઈ નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચી શકાતું નથી. અંધશ્રદ્ધા અને સાચી શ્રદ્ધા વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા હોવાને કારણે અંધશ્રદ્ધાને સાચી શ્રદ્ધા માની લેવામાં વાર લાગતી નથી. સાચી શ્રદ્ધા જીવનની સફળતાનું પ્રથમ કદમ છે. તેનાથી જીવનમાં ક્રાંતિ સર્જાઈ શકે છે. જેટલા પણ મહાપુરુષો અને વિજેતાઓ બન્યા છે, તેનાં મૂળમાં સાચી શ્રદ્ધાનું તત્ત્વ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવતું જોવા મળ્યું છે. સાચી શ્રદ્ધા એટલે સત્ય અને વિશ્વાસ. આ બંનેના આધારે દૃઢ મનોબળ અને ઉત્તમ પુરુષાર્થ સાધી શકાય છે.

જૈન દર્શનમાં સમ્યક્ દર્શનને મોક્ષ માર્ગનું બીજ મનાય છે. તેની સાથે સમ્યક્ જ્ઞાન અને સાચું આચરણ જોડાય તો મોક્ષ મેળવવો દુર્લભ નથી. ત્રણ દિવસ દરમિયાન સાચી શ્રદ્ધાના વિવિધ પાસાઓ ઉપર શાસ્ત્રીય દૃષ્ટિએ માર્ગદર્શન અપાશે. જીવનમાં સમતાભાવ, ઉત્તમ તત્ત્વો પ્રત્યેની રૂચિ, અધમ તત્ત્વોથી વિરક્તિ, જીવો પ્રત્યે મૈત્રી જેવા સૂક્ષ્મતમ પદાર્થોના અસ્તિત્વને સ્વીકારવાને વૈજ્ઞાનિક દૃષ્ટિ સાચી શ્રદ્ધાના મૂળમાં રહેલા છે.

પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યાની નિશ્રામાં 'ગીતા જીવન સંહિતા'ની પૂર્ણાહુતિ થઈ

પડકારોનો સામનો કરનારને વિજય અપાવવા શ્રીકૃષ્ણ તૈયાર છે

ગાંધીનગર, તા. ૨૯

જ્ઞાનરૂપી તલવારથી અંતરમાં રહેલા અજ્ઞાનને ચીરી આપણી ભીતર રહેલો અર્જુન સંશયમુક્ત બની જીવનરૂપી મહાભારતના પડકારોનો સામનો કરવા તૈયાર થાય તો એને વિજય અપાવવા માટે શ્રીકૃષ્ણ હંમેશા તૈયાર છે. આ જ ગીતા સાર છે અને જ્ઞાનકર્મસન્યાસ યોગ છે, એમ જાણીતા ધર્મોપદેશક પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ રવિવારે 'ગીતા જીવન સંહિતા'ના અંતિમ, સાતમા દિવસે શહેરનાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે જણાવ્યું હતું. 'ગીતા-જીવન સંહિતા અસ્તિત્વનો ઉત્સવ– શ્રીકૃષ્ણની સાથે'નું આયોજન કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દૃઢ વિશ્વાસ ધરાવનારા ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવ્યું હતું. જેની આજે પૂર્ણાહુતિ થઈ હતી. સાતેય દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રોતાજનો, નગરજનોએ ગીતા જીવન સંહિતાનો લાભ લીધો હતો.

ધર્મોપદેશક પૂ.ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચોથા અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગનું ચિંતનાત્મક પ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં તેમણે જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન કર્યું હતું. જ્ઞાન એ કેવળ માહિતીનો ભંડાર નથી, પરંતુ અનુભવનું ભાથું છે. ઉધારના શબ્દો એ જ્ઞાન નથી, પણ આપણી પોતાની આંખ છે. જ્ઞાનના અભાવમાં જીવન અધૂરું છે. શ્રીકૃષ્ણે બધા જ યજ્ઞોની સરખામણીએ જ્ઞાનયજ્ઞને સર્વશ્રેષ્ઠ કહ્યો છે. સંસારના સર્વ બંધન અજ્ઞાનના કારણે છે. જ્ઞાન એ પરમ મુક્તિ છે, સ્વયંમાં સ્થિર થવાની સિદ્ધિ છે એમ તેમણે જણાવ્યું હતું.

કોઈ અનુભવી મહાપુરૂષ સન્મુખ પ્રણામ કરી, એમની સેવા કરી અને જીજ્ઞાસાને પ્રગટ કરવી. તત્વદર્શી મહાપુરુષના આચરણમાંથી પ્રાપ્ત થયેલું જ્ઞાન મોહ, મૂર્છા, મૂંઝવણ, ભય અને ભ્રાંતિને નિર્મૂળ કરે છે. આત્મજ્ઞાન મનુષ્યની પાપગ્રંથિ અને લઘુતા-ગ્રંથિને છેદીને ભવસાગર પાર કરાવે છે. જ્ઞાનનો તણખો પડતાં જ જન્મજન્માંતરના પાપ તથા કર્મના બંધન ભસ્મીભૂત થાય છે તેથી શ્રીકૃષ્ણ જ્ઞાનને પરમ પવિત્ર ગણે છે. માટે જ કહેવાયું છે કે, જ્ઞાન સમાન પવિત્ર કશું જ નથી. અંધ રૂઢવાદી કે દિશાહીન અનુકરણ કરનાર અને કરાવનારને આધ્યાત્મિકતા સાથે સ્નાનસૂતકનો સંબંધ હોતો નથી.

વિદ્યાર્થી તરીકે ગીતાનો અભ્યાસ કરવો જોઈએ

આખાય મહાભારતમાં પ્રકાશરૂપી ઊંચા દિવાની માફક ગીતા તેની વચ્ચોવચ ઊભી છે. તે મહાભારતનો નાનકડો વિભાગ છે. જેમાં કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. જેનું વર્ણન ધૃતરાષ્ટ્રની પાસે સંજય કરે છે. ગીતા એ આધ્યાત્મિક સાંત્વના અને આવી પડેલી નૈતિક મુશ્કેલીઓ નિવારવા માટે છે. જીવનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિના સુમેળની વાત કરવામાં આવી છે. ગીતા એ શાસ્ત્રોનું દોહન છે. જેમ ખ્રિસ્તી પાસે બાઈબલ છે, મુસ્લિમ ધર્મનું પુસ્તક કુરાન છે તેમ હિંદુ પાસે ક્યું પુસ્તક છે કે જેનો રોજ અભ્યાસ કરી શકાય? એનો જવાબ છે ગીતા. બધાં ઉપનિષદોનો નિચોડ તેના ૭૦૦ શ્લોકોમાં આવી જાય છે. જે માણસ ગીતાનો ભક્ત છે તેને માટે નિરાશાને સ્થાન નથી., તે હંમેશા આનંદમાં રહે છે. આળસ અને વ્યભિચારનો ત્યાગ સૂચવે છે. વિદ્યાર્થી તરીકે ગીતાનો અભ્યાસ કરવો જોઈયે. પાસ થવાય કે નાપાસ, એ બંને વસ્તુઓ સરખી છે; માણસને માત્ર અનાસક્તિપૂર્વક પ્રયત્ન કરવાનો અધિકાર છે. ફળ જે મળે તે. આ આશ્વાસન વિધ્યાર્થીઓને ગીતાના અભ્યાસ દ્વારા જ મળી શકે. તેના દ્વારા વિધ્યાર્થીઓને મોટીવેશન મળે છે. વિધ્યાર્થીઓએ વહેલી સવારે ઉઠીને ભક્તિભાવથી ગીતાનો અભ્યાસ કરવો જોઈયે. બુદ્ધિ અને હૃદય એ બંનેને સંતોષ આપતા ગીતાના અઢાર અધ્યાય મોઢે કરવા સહેલા નથી પરંતુ તે જ મોઢે કરવા જેવા છે. સંસ્કૃતમાં હોવા છતાં સમજવા સરળ



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

છે. આજનો વિધ્યાર્થી જે પરંપરામાં ઉછર્યો છે તેને જાળવી રાખવા ગીતાનું જ્ઞાન જરૂરી છે. આજે વિદ્યાર્થી આલમમાં જે ચારિત્ર્યભ્રષ્ટતા, જીવનની મહત્વની બાબતો પ્રત્યે બેદરકારી, જીવનના પાયાના મોટામાં મોટા અને અગત્યના પ્રશ્નો પ્રત્યે નાદાની, બેજવાદારીભર્યુ વર્તન વિગેરેનો સામાજિક અને વ્યવહારુ ઉકેલ ગીતાના શ્લોકોમાં છે. ગીતા વાંચવાથી ધર્મજિજ્ઞાસા પેદા થાય છે અને તેના વિશે સવાલ પૂછતાં શીખીએ છીએ. લોકમાન્ય ટિળકે કહ્યું છે કે ભક્ત અને જ્ઞાની બનવું હોય તો કર્મ જ એક માર્ગ છે. ગીતાજીમાં બતાવ્યું છે કે ભક્ત બનવું હોય તો બ્રાહ્મણ અને ભંગી વિશે સમબુદ્ધિ રાખવી જોઈયે. તેના ત્રીજા અધ્યાયમાં કિધું છે કે, 'જીવન સેવાને સારુ છે, ભોગને સારુ નથી.' તેમાં દરેક ધર્મના તત્વો છે. જે ગીતાને પોતાની માને છે તેને હિંદુ મુસલમાનના ભેદ નથી રહેતા.

વિનોબાએ ગીતાને 'ગીતાઈ' એટલે ગીતામાતા કહી છે. કારણ કે ભીડને વખતે કોઈ માતાના શરણમાં જાય છે અને જે આશ્વાસનરૂપી અમૃત પાય છે તે પ્રકારનું જ્ઞાનામૃત ગીતામાતા પાસેથી મળે છે. તેમણે કીધુ કે "મારું શરીર માના દૂધથી પોષાયુ છે; પણ તેથીયે વધુ મારા હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધથી થયું છે." તે ગાંધીજીનો આધ્યાત્મિક કોશ હતો. તેઓ કહેતા કે તેણે મને સંકટ વેળાએ કદી છેહ દીધો નથી. તે તમામ સાંપ્રદાયિકતા અને વાણીથી મુક્ત છે. વળી તેને ભૌગોલિક સીમાડાઓ નડતા નથી. ભાષા પણ સરળ છે. વિશ્વની દરેક ભાષામાં તેનો અનુવાદ થયેલો છે. સંત જ્ઞાનેશ્વરે ૧૫ વર્ષની ઉંમરે ગીતા ઉપરનું ભાષ્ય ૯૦૦૦ જેટલી ઓલી (કડી)ઓમાં સૌપ્રથમ મરાઠીમાં ભાષાંતર કર્યું. તે કડીઓને સચ્ચિદાનંદ નામના તેમના અનુયાયીએ અક્ષરદેહ આપ્યો તે "ભાવાર્થદીપિકા" જે "જ્ઞાનેશ્વરી ગીતા" તરીકે પ્રખ્યાત છે. એડવિન આર્નોલ્ડે ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ કરી તેનુ નામ 'દૈવી ગાન' **(The song Celestial)** એવું આધ્યાત્મિક નામ આપ્યું છે. વોરન હેસ્ટીંગે પણ ગીતાનો અનુવાદ અંગ્રેજીમાં કરાવ્યો હતો. ભગવાન કૃષ્ણનો આખો જન્મ એ કર્મની ગીતા છે એમ કહી શકાય. ગીતાના કૃષ્ણ એ કાલ્પનિક છે. અને ભૌતિક યુદ્ધનું વર્ણન એ નિમિત્ત છે. ખરેખર તો આ યુદ્ધ એ મનુષ્યના હૃદયની અંદર નિરંતર ચાલતું દ્વંદ્વયુદ્ધનું જ વર્ણન છે. તેમાં ભૌતિક યુદ્ધ જરૂરી છે તેવું નથી બતાવ્યુ પણ તેની નિરર્થકતા બતાવી છે. યુદ્ધના વિજેતા પાસે રુદન કરાવ્યું છે.

મહર્ષિ અરવિંદ કહેતા કે, "ગીતા એ માત્ર કોઈ પુસ્તક કે ગ્રંથ નથી, એ એક જીવતું જાગતું સર્જન છે. તેમાં દરેક યુગના લોકો માટે એક નવો જ સંદેશ અને નવો અર્થ આપે છે." અંગ્રેજ ફિલસુફ આલ્ડસ હક્સલે ગીતાને પેરેનિયલ ફિલોસોફીકલ ગ્રંથ કહ્યો હતો એટલે કે અનંત વર્ષો સુધી તે રિલેવંટ રહેશે. તે માત્ર ભારતનો ગ્રંથ ન રહેતાં સમગ્ર હ્યુમેનિટીનો ગ્રંથ છે.





રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૧મી જન્મજયંતી નિમિત્તે એમનાં ચૂંટેલાં સ્વરચિત ગીતો અને સંશોધિત-સંપાદિત પ્રાચીન લોકગીતો-ભજનોનાસંગ્રહ 'કસુંબીનો રંગ'ની નવીન સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થઈ છે. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી અને તેમના માતા કુસુમબેન મેઘાણી, રાજકોટ શહેરના સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌત (આઈપીએસ) અને તેમના ધર્મપત્ની સાધનાસિંહ ગહલૌત તથા મેઘાણી-ગીતોનાં મેઘાવી લોકગાયક અભેસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં વિમોચન કરાયું હતું.

ઝવેરચંદ મેઘાણીનાં નિધનનાં સાત દાયકા પછી આજે પણ લોકહૈયે ગુંજતાં એમનાં ૧૩૫ લોકપ્રિય ગેય ગીતોનું પિનાકી મેઘાણીએ પ્રેરણાદાયી સંકલન કર્યું છે. ૪૬ સ્વરચિત ગીતો, ૫૪ લોકગીતો-રાસ-ગરબા અને ૩૫ ભજનો ૨૧૬-પાનાંનાં આ ગ્રંથમાં છે. ઝવેરચંદ મેઘાણીનાં હસ્તાક્ષર તથા અંગ્રેજી-લખાણનાં નમૂનાં, જીવન-ઝાંખી, ઐતિહાસિક સ્મૃતિ-સ્થળોની તસ્વીરો, ભાવાંજલિ, મેઘાણી-સાહિત્યની સૂચિનો પણ આમાં સમાવેશ કરાયો છે.